# મહેસાણા જીલ્લામાં "સૂર્ય ગુજરાત" સોલાર રૂફટોપ યોજના

(૧)તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ મહેસાણા જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં શું બચત થઈ ?

- માનનીય ધારાસભ્યશ્રી – મુકેશભાઇ પટેલ

જવાબ:

૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલરરૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ મહેસાણા જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનારવીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં રૂ. ૫૮.૦૭ કરોડની બચત થઈ.

**(૨) તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ મહેસાણા જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી શું આવક થઈ?**

**- માનનીય ધારાસભ્યશ્રી – કરસનભાઇ સોલંકી**

**જવાબ:**

તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ મહેસાણા જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર રહેણાંક હેતુનું વીજ જોડાણ ધરાવતાવીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી ૧૦.૧૯ કરોડની આવક થઈ.